# દ્રશ્યસૃષ્ટિલીલોપસંહારિતયા બ્રહ્મનું નિરૂપણ

- અસિત શાહ.

ઉપક્રમ :
ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાદ્ પૂર્ણમુદચ્યતે ।
પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે ।।
( બૃહદારણ્યકોપનિષદ્ ૧।૧।૧ )

''યતો વા ઇમાનિ ભૂતાનિ જાયન્તે, યેન જાતાનિ જીવન્તિ, યત્પ્રયન્તિ અભિસંવિશન્તિ, તદ્ વિજિજ્ઞાસસ્વ, તદ્ બ્રહ્મ'' આ બ્રહ્મના કાર્યલક્ષણમાં ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલયાત્મક ત્રિવિધ કાર્યોને બ્રહ્મના લક્ષણરૂપે જાણવાનો ઉપદેશ અપાયેલ છે. તે પૈકી ઉત્પત્તિનું પ્રકારવૈવિધ્ય ''એવં કદાચિત્ ભગવાન્ સાક્ષાત્ સર્વં કરોત્યજ:, કદાચિત્ પુરુષદ્વારા કદાચિત્ પુનરન્યથા..'' આદિ અનેક આચાર્યવચનો અને તેના મૂલભૂત શાસ્ત્રવચનોમાં દર્શાવેલ છે. સ્થિતિનું પ્રકારવૈવિધ્ય તો આપણને શાસ્ત્રો ન કહે તો પણ રોજબરોજ અનુભવાય જ છે. તે છતાં ય શાસ્ત્રોમાં પણ ચૌદ લોકના, ચાર યુગના વગેરે પ્રકારોથી તેનો નિર્દેશ છે. લયનો જો કે અનુભવ કરીને પણ જીવંત રહેનારા અર્જુન જેવા કોઈક જ જીવ હોય ! પ્રલયના સાક્ષી તો આશ્રયલીલાકર્તા ભગવાન જ હોય. જો કે નાના-મોટા ધરતીકંપ, પૂર વગેરેને કારણે થતાં લયને પરોક્ષતયા જાણી કે અનુભવી આપણે માનસિક રીતે તો જગતના પ્રલયને સ્વીકારવા તૈયાર હોઈએ જ છીએ ; આજે નહીં તો કાલે. તે સિવાય સજીવ પશુ-પક્ષી-વનસ્પતિનો કોષના સ્તરે થતો લય પણ જાણીતો છે જ.

## પ્રલયનો સામાન્યવિચાર :

### પ્રમાણચતુષ્ટયમાં પ્રલય :

એક રીતે જોતાં ભગવદ્ગીતા અને શ્રીમદ્ભાગવત મહાપુરાણની પૃષ્ઠભૂમિમાં લય છે. એકમાં અર્જુનને સ્વજનોનું અટળ મૃત્યુ દેખાઈ રહ્યું છે તો બીજામાં તેમના પૌત્ર પરીક્ષિતને પોતાનું. તે ભાવિ અટળ ઘટનાનો શોક ન કરવાનું તે તે ગ્રંથમાં ભારપૂર્વક ઉપદેશેલ છે. તેથી આ બંનેમાં વેદોપનિષદ્ કે બ્રહ્મસૂત્રની તુલનામાં પ્રલયનું વર્ણન પ્રચુર છે એમ મને મારા અલ્પ અભ્યાસે લાગ્યું છે. ( બ્રહ્મસૂત્રમાં પ્રલયનો ઉલ્લેખ નહીંવત્ છે, તો સુબાલોપનિષદ્ના અપવાદને છોડતાં અન્ય ઉપનિષદોમાં પણ તેનું સંક્ષિપ્ત વર્ણન જ છે. ) તેમાં ય શ્રીમદ્ભાગવતમાં તો દ્વાદશસ્કન્ધમાં ( ૧૨।૪।૨-૩૭ ) પ્રલયના ચાર પ્રકારોનું વર્ગીકરણ કરી સુવિશદ નિરૂપણ છે. તેથી શરૂઆતમાં આ ચાર પ્રકારોને સમજી ત્યાર બાદ આગળ વધવું સરળ રહેશે.

### ચતુર્વિધપ્રલયના સ્વભાવો :

પ્રલય બે પ્રકારના છે      કાળચક્રના આવર્તનરૂપે આવતાં અથવા કાળચક્રને રોકી પાડતાં. તે પૈકી નિત્યપ્રલય અને નૈમિત્તિકપ્રલય આવર્તનરૂપે આવે છે ; જ્યારે કે આત્યંતિકપ્રલય અને પ્રાકૃતિકપ્રલય તે ચક્રને થંભાવી દે છે.

નિત્યપ્રલય પદાર્થની એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં ગતિ સાથે અનિવાર્યતયા સંકળાયેલ છે. પ્રતિક્ષણ દરેક પદાર્થમાં પ્રાકૃતિક ક્ષોભવશાત્ કાંઈક આવિર્ભૂત તો કાંઈક તિરોહિત થતું જ રહે છે. તેથી આ નિત્યપ્રલય સૃષ્ટિની સ્ક્રીપ્ટમાં હોવાની સાથે સાથે જગતના રંગમંચપરની ભજવણીમાં પણ સતત છવાયેલો જ રહે છે. વિરાટદર્શન વખતે અર્જુનને તેનો પ્રત્યક્ષ અનુભવ કાલરૂપ સમષ્ટિતયા થયો.

નૈમિત્તિકપ્રલય કલ્પાન્તે થાય છે. બ્રહ્માજીના એક દિનસદશ ચાર યુગોના નિશ્ચિત આવર્તનના અન્તે આ પ્રકારનો રાત્રિસદશ પ્રલય થતાં થોડા સમય માટે સૃષ્ટિ થંભી જાય છે ; નાટકના બે અંક વચ્ચેના મધ્યાંતરની માફક. તે વખતે સમગ્ર સૃષ્ટિને જાણે કે નાટકનો પડદો પાડી શેષશાયી નારાયણ તસ્મિન્ અવસ્થાનરૂપા સાયુજ્યમુક્તિ આપી પોતાનામાં છુપાડી લે છે. ત્યારબાદ ફરી નવો કલ્પ શરૂ થતાં સૃષ્ટિનો નવો અંક ભજવાય છે.

આત્યંતિકપ્રલય સમગ્ર સૃષ્ટિનો ન થઈને કોઈક એકાદા જીવાત્માનો થાય છે. જેમ અત્યંતાભાવમાં નૈયાયિકો દેશકૃતપરિચ્છેદ કારણ માને છે તેમ આ પ્રલયમાં અંશવિશેષનો જ પ્રલય થાય છે. તે જીવપૂરતો ભેદનાશ થઈ બ્રહ્મભાવાપત્તિ થતાં તેના માટે કાળચક્ર થંભી જાય છે.

પ્રાકૃતિકપ્રલય નાટકના અંતસદશ છે. તેની શરૂઆત તો નૈમિત્તિકપ્રલયની જેમ જ ભૂમિના લયથી થતી હોય છે પણ તે વધારે વ્યાપક હોવાથી તેમાંથી બ્રહ્માજી કે કાંઈ પણ બાકાત નથી રહેતું. ''કૃષ્ણસ્યાત્મરતૌ ત્વસ્ય લયઃ સર્વસુખાવહઃ'' વચનાનુસાર જ્યારે ભગવાનને સ્વરતીચ્છા થાય ત્યારે આ પ્રકારનો પ્રલય થતાં સમગ્ર સૃષ્ટિ કારણપ્રવિષ્ટ એકભાવાપન્ન અર્થાત્ બ્રહ્મભાવાપન્ન થાય છે. થોડો બ્રેક લઈ આ સૃષ્ટિના કસબી લેખક-દિગ્દર્શક-કલાકાર બ્રહ્મ સૃષ્ટિનું નવું નાટક શરૂ કરી દે છે, સદા દશવિધલીલાયુત હોવાના સ્વભાવવશાત્.

### ચતુર્વિધપ્રલયના કારણો :

ઉત્પત્તિ અને સ્થિતિની માફક જ પ્રલયને સમજવા તેના ભગવચ્છક્તિરૂપા માયા તેમ જ બ્રહ્મ સાથેના સંબંધને સમજવા રહ્યા. ત્યાર બાદ સ્વયં કાલનું સ્વરૂપ પણ સમજવું રહ્યું.

પહેલા માયા અને સૃષ્ટિના પ્રલયનો સંબંધ સમજીએ. અધિભૂતોની મૂલરૂપા હોવાના અર્થમાં આધિભૌતિકી સર્વભવનસામર્થ્યરૂપા પ્રકૃતિના રોલમાં માયા નિત્યપ્રલયનો ભોગ બનતી અભિનેત્રી છે. તો આધ્યાત્મિકી વ્યામોહિકા માયાના રોલમાં તે આત્યન્તિકપ્રલયને રોકતી ગૌણનાયિકા છે. તે ન હોય તો સૃષ્ટિનું નાટક યુગો સુધી ચાલે જ નહીં ! જેવો ગૌણનાયક જીવ બ્રહ્મભાવસંપન્ન થાય કે તરત આ ગૌણનાયિકાને હરાવી તે આત્યન્તિકપ્રલયને પ્રાપ્ત કરે છે. આધિદૈવિકી લક્ષ્મીરૂપા માયાના રોલમાં તે નૈમિત્તિકપ્રલયના અધિષ્ઠાન શેષશાયી નારાયણની અર્ધાંગિની છે. તે માયા સ્વયં જ્યારે બ્રહ્મમાં લીન થઈ સ્વરતીચ્છા

બની જાય ત્યારે સ્વરૂપકોટિમાં અવ્યાકૃતરૂપે પ્રાકૃતિકપ્રલયની કર્ત્રી બને છે.

હવે બ્રહ્મ અને સૃષ્ટિના પ્રલયનો સંબંધ સમજવા માટે બ્રહ્મના ત્રિવિધ રૂપો બ્રહ્મ-પરમાત્મા-ભગવાન તેમ જ તેના સૃષ્ટિકર્તા હોવાના ઉત્પત્તિપક્ષ તેમ જ ઉપપત્તિપક્ષને સમજવા રહ્યા. નિત્યપ્રલય ઉત્પત્તિપક્ષની દષ્ટિએ બ્રહ્મનો સ્વભાવ છે તો બીજી દષ્ટિએ અક્ષરબ્રહ્માત્મક આધ્યાત્મિક કાલની કૃતિ છે. ઉપપત્તિપક્ષની દષ્ટિએ તે ભગવાનના સંકર્ષણવ્યૂહની કૃતિ ક્ષોભ છે. આત્યન્તિકપ્રલય વાસુદેવવ્યૂહની મોક્ષદાનરૂપા કૃતિ છે. વળી તે પરમાત્માની ''એષ ઉ એવ સાધુ કર્મ કારયતિ યં ઉન્નિનીષતિ'' શ્રુતિમાં વર્ણિત વરણાનન્તરભાવિ મુક્તિદાનેચ્છાનું ફલ છે. નૈમિત્તિકપ્રલયને ઉપપત્તિપક્ષની એક દષ્ટિએ શેષશાયી સમષ્ટિ અન્તર્યામી નારાયણની લીલારૂપે તો બીજી દષ્ટિએ સંકર્ષણવ્યૂહના મુખરૂપ અગ્નિની દ્રવ્યમાત્રના ગ્રાસની કૃતિ તરીકે નિહાળવો રહ્યો. તો પ્રાકૃતિકપ્રલય અને તેના સાક્ષી હોવાની લીલા ભગવાનની આશ્રયલીલા છે. ઉત્પત્તિપક્ષની દષ્ટિએ ઉપનિષદ્માં તેનું વર્ણન બ્રહ્મની સૃષ્ટિ પૂર્વેની અવ્યાકૃતાવસ્થારૂપે છે.

વિહંગાવલોકન કરતાં એમ જણાય છે કે પ્રલયના આ વિવિધ પ્રકારોમાં બ્રહ્મનું કર્તુમ્ અકર્તુમ્ અન્યથાકર્તુમ્ સામર્થ્ય પ્રકટ થાય છે. નિત્યપ્રલયમાં કર્તુમ્ સામર્થ્ય, આત્યન્તિકપ્રલયમાં અન્યથાકર્તુમ્સામર્થ્ય, તેમ જ નૈમિત્તિકપ્રલય અને પ્રાકૃતિકપ્રલયમાં અકર્તુમ્સામર્થ્ય પ્રકટ થાય છે. તે સિવાય સૃષ્ટિના અભિન્નનિમિત્તોપાદાનકારણની માફક પ્રલયનું અન્વિત અભિન્નનિમિત્તાધિષ્ઠાન બ્રહ્મ જ છે તે સિધ્ધ થાય છે.

નિત્ય અને પ્રાકૃતિક પ્રલયનો વિસ્તૃતવિચાર :

ઉપક્રમ :

ચતુર્વિધપ્રલયપૈકી અન્ય બે પ્રલય અન્ય આલેખોના વિષયો હોવાથી અહીં હવે મુખ્યત્વે નિત્ય અને પ્રાકૃતિક પ્રલયનો વિચાર કરેલ છે ; સાથેસાથે કાલનો પણ.

પહેલા આલેખના શીર્ષકના સંદર્ભમાં વિચાર કરીએ. દ્રશ્યસૃષ્ટિ અક્ષરબ્રહ્મના અંગરૂપ પુરુષ-પ્રકૃતિ-કાલ-કર્મ-સ્વભાવ આ પાંચેની સમષ્ટિ છે. તેમાં વ્યષ્ટિરૂપે વિવિધ જડંશો અને જીવાત્મારૂપે ચેતનાંશો છે, જે આ પાંચેના પરિણત રૂપો છે. તે પાંચેયના સ્વભાવ અને પ્રભાવ હેઠળ દ્રશ્યસૃષ્ટિલીલા ચાલતી રહે છે. આ લીલાનો ઉપસંહાર ઉપસંહારિ બ્રહ્મ બે રીતે કરે છે : નિત્યપ્રલય અથવા પ્રાકૃતિકપ્રલય.

તે પૈકી વ્યષ્ટિ જડ-ચેતનાંશોના વ્યક્ત રૂપોનો નિત્યપ્રલય આંશિકતયા પ્રતિક્ષણ થતો રહે છે અને અલ્પ આવરદા પૂરી થતાં તેમના સંપૂર્ણ સ્થૂલશરીરનો ક્ષય પણ થઈ જાય છે. સમષ્ટિરૂપ પુરુષ પરંતુ અક્ષય રહે છે આ અંશોના વૃધ્ધિ-ક્ષયના ચક્રમાં. તેવા સમષ્ટિ વિરાટ પુરુષનું પ્રત્યક્ષદર્શન અર્જુનમાં ભય તો શ્રીયશોદાજીમાં વિસ્મયનો પ્રતિભાવ પેદા કરી દે છે.

બ્રહ્માજીના દીર્ઘ દ્વિપરાર્ધકાલાવધિ આયુષ્યના અન્તે જ્યારે પ્રાકૃતિકપ્રલય થાય ત્યારે વ્યષ્ટિ જડ-ચેતનાંશો અમુક્ત હોય તો પણ બ્રહ્મમાં એકભાવાપન્ન થઈ મુક્તિ પ્રાપ્ત કરે છે. જોકે આવા કાર્યકોટિ અને કારણકોટિના રૂપોના લય વખતે પણ સ્વરૂપકોટિસ્થ સમષ્ટિ પુરુષ તેવા પ્રલયના સાક્ષીતયા અવશિષ્ટ રહે છે.

હવે આ બંને પ્રલયોનું સ્વરૂપ પ્રમાણોના આધારે સ્પષ્ટ સમજીએ.

(અ) સુબાલોપનિષદ્માં વ્યષ્ટિરૂપોના પ્રાકૃતિકપ્રલયનું નિરૂપણ :

''સોઽન્તે વૈશ્વાનરો ભૂત્વા સંદગ્ધ્વા સર્વાણિ ભૂતાનિ પૃથિવ્યપ્સુ પ્રલીયતે આપસ્તેજસિ પ્રલીયન્તે તેજો વાયૌ વિલીયતે વાયુરાકાશે વિલીયતે આકાશમ્ ઇન્દ્રિયેષુ ઇન્દ્રિયાણિ તન્માત્રેષુ તન્માત્રાણિ ભૂતાદૌ વિલીયન્તે. ભૂતાદિર્મહતિ વિલીયતે, મહાનવ્યક્તે વિલીયતેઽવ્યક્તમક્ષરે વિલીયતે, અક્ષરં તમસિ વિલીયતે. તમઃ પરે દેવે એકીભવતિ. પરસ્તાન્ન સત્ નાસત્ ન સદસત્'' ( ખંડ ૨ ).

અર્થ સ્પષ્ટ છે.

(આ) ભગવદ્ગીતામાં વ્યષ્ટિ-સમષ્ટિના નિત્ય-નૈમિત્તિકપ્રલયનું નિરૂપણ :

૧) ''અવ્યક્તાદીનિ ભૂતાનિ વ્યક્તમધ્યાનિ ભારત અવ્યક્તનિધનાન્યેવ'' ( ૨।૨૮ ).

૨) ''અહં કૃત્સ્નસ્ય જગતઃ પ્રભવઃ પ્રલયસ્તથા'' ( ૭।૬ ).

૩) ''અવ્યક્તાદ્ વ્યક્તયઃ સર્વાઃ પ્રભવત્યહરાગમે, રાત્ર્યાગમે પ્રલીયન્તે તત્રૈવાવ્યક્તસંજ્ઞકે, ભૂતગ્રામઃ સ એવાયં ભૂત્વા ભૂત્વા પ્રલીયતે, રાત્ર્યાગમેઽવશઃ પાર્થ પ્રભવત્યહરાગમે, પરસ્તસ્માત્તુ ભાવોઽન્યોઽવ્યક્તો વ્યક્તાત્ સનાતનઃ, યઃ સ સર્વેષુ ભૂતેષુ નશ્યત્સુ ન વિનશ્યતિ'' ( ૮।૧૮-૨૦ ).

૪) ''સર્વભૂતાનિ કૌન્તેય પ્રકૃતિં યાન્તિ મામિકામ્, કલ્પક્ષયે પુનસ્તાનિ કલ્પાદૌ વિસૃજામ્યહમ્, પ્રકૃતિં સ્વામ્ અવષ્ટભ્ય વિસૃજામિ પુનઃ પુનઃ, ભૂતગ્રામિમં કૃત્સ્નમ્ અવશં પ્રકૃતેર્વશાત્'' ( ૯।૭-૮ ) ( નૈમિત્તિકપ્રલય ).

૫) ''અહમ્ આદિશ્ચ મધ્યં ચ ભૂતાનામ્ અન્ત એવ ચ'' ( ૧૦।૨૦ ).

૬) ''તત્રૈકસ્થં જગત્ કૃત્સ્નં પ્રવિભક્તમ્ અનેકધા, અપશ્યદ્ દેવદેવસ્ય શરીરે પાંડવસ્તદા ... દંષ્ટ્રાકરાલાનિ ચ તે મુખાનિ દ્રષ્ટ્વૈવ કાલાનલસન્નિભાનિ ... વક્ત્રાણિ તે ત્વરમાણા વિશન્તિ દંષ્ટ્રાકરાલાનિ ભયાનકાનિ, કેચિદ્ વિલગ્ના દશનાન્તરેષુ સંદશ્યન્તે ચૂર્ણિતૈરુત્તમાંગૈઃ, યથા નદીનાં બહવોઽમ્બુવેગાઃ સમુદ્રમેવાભિમુખા દ્રવન્તિ, તથા તવામી નરલોકવીરા વિશન્તિ વક્ત્રાણ્યભિવિજ્વલન્તિ, યથા પ્રદીપ્તં જ્વલનં પતંગાઃ વિશન્તિ નાશાય સમૃધ્ધવેગાઃ, તથૈવ નાશાય વિશન્તિ લોકાસ્તવાપિ વક્ત્રાણિ સમૃધ્ધવેગાઃ, લેલિહ્યસે ગ્રસમાનઃ સમન્તાત્ લોકાન્ સન્સમગ્રાન્ વદનૈર્જ્વલદ્ભિઃ, તેજોભિરાપૂર્ય જગત્સમગ્રં ભાસસ્તવોગ્રાઃ પ્રતપન્તિ વિષ્ણો ... કાલોઽસ્મિ લોકક્ષયકૃત્ પ્રવૃધ્ધો લોકાન્ સમાહર્તુમ્ સહ પ્રવૃત્તઃ'' ( ૧૧।૧૩-૩૨ ).

૭) ''અવિભક્તં ચ ભૂતેષુ વિભક્તમિવ ચ સ્થિતમ્, ભૂતભર્તૃ ચ તજ્જ્ઞેયં ગ્રસિષ્ણુ પ્રભવિષ્ણુ ચ'' ( ૧૩।૧૬ ).

નિષ્કર્ષ : ભગવાન પોતાના અવ્યક્ત પ્રકૃતિરૂપમાંથી અનેકવિધ વ્યક્ત રૂપો ધારણ કરે છે. આવરદા પૂરી થતાં તે વ્યક્ત રૂપો પાછા દીર્ઘાયુ અવ્યક્ત પ્રકૃતિમાં જ લીન થાય છે. આ અનેકવિધ વ્યક્ત રૂપોના વિભાજનમાં અવિભક્ત ભગવાનને જાણવા. તે ભગવદંશાત્મક વ્યક્ત રૂપોના સર્જક પણ ભગવાન છે અને તેમના

પ્રલયકર્તા પણ ભગવાન જ છે. કાલનું વિકરાળ વિરાટરૂપ ધારણ કરી ભગવાન વ્યક્ત રૂપોનો ગ્રાસ કરે છે.

(ઇ) શ્રીમદ્‌ભાગવતમાં નિત્ય-પ્રાકૃતિકપ્રલયનું નિરૂપણ :

૧) ''નિત્યદા સર્વભૂતાનાં બ્રહ્માદીનાં પરંતપ, ઉત્પત્તિપ્રલયાવેકે સૂક્ષ્મજ્ઞાઃ સંપ્રચક્ષતે, કાલસ્રોતોજવેનાશુ હ્રિયમાણસ્ય નિત્યદા, પરિણામિનામવસ્થાસ્તા જન્મપ્રલયહેતવઃ, અનાદ્યન્તવતાઽનેન કાલેનેશ્વરમૂર્તિના, અવસ્થા નૈવ દશ્યન્તે વિયતિ જ્યોતિષામિવ'' ( ૧૨।૪।૩૫-૩૭ ).

સાર : વેગવાન કાલ બ્રહ્માથી માંડી સર્વ પદાર્થોનો નિત્ય હ્રાસ કરતો રહે છે. તે તે પદાર્થોના જન્મ અને પ્રલય ખરેખર તો તેમની પરિણામી પ્રકૃતિની અવસ્થાઓ છે. કાલ સ્વયં ઈશ્વરરૂપ છે. તે અનાદિ અનંત છે. આકાશમાં જેમ તારા, ગ્રહો આદિ દેખાય છે પણ સ્વયં આકાશ દેખાતું નથી તેમ કાલ પણ દેખાતો નથી છતાં ય છે.

૨) ''દ્વિપરાર્ધે ત્વતિક્રાન્તે બ્રહ્મણઃ ... લયઃ પ્રાકૃતિકો હ્યેષ'' ( ૧૨।૪।૫-૨૨ ).

અહીં સુબાલોપનિષદ્ જેવું જ પ્રાકૃતિકપ્રલયનું વિશદ વર્ણન છે. પુનરુક્તિ ટાળવા વિસ્તાર નથી કરી રહ્યો.

(ઈ) શાસ્ત્રાર્થનિબન્ધમાં પ્રલયના પ્રકારોનું નિરૂપણ :

''જ્ઞાને લયપ્રકારા હિ જગતો બહુધોદિતાઃ, મનસઃ શુધ્ધિસિધ્ધ્યર્થમ્ એકઃ સાંખ્યાનુલોમતઃ'' ( ૯૬ ).

પ્રકાશ  જ્ઞાનમાર્ગે જગતો લયપ્રકારા બહવ ઉક્તા ઇતિ તે સર્વે પ્રકરણાભાવાત્ મનસઃ શુધ્ધ્યર્થં જ્ઞેયાઃ ; યતઃ ત્રિવિધ એવ સંક્રમઃ  કાલેન નિત્યઃ, દ્રવ્યેણ સંકર્ષણમુખાગ્નિના નૈમિત્તિકઃ, ગુણૈઃ પ્રાકૃતિકઃ. તે એવ પ્રકારાન્તરમાપન્ના ભાવનયા સાધિતા 'આત્યન્તિક'શબ્દવાચ્યા ભવન્તિ ; નતુ આત્યન્તિકો અતિરિક્તઃ, અહન્તામમતાનાશે એવ વિષયાણાં નાશોપચારાત્. તતો અતિરિક્તકલ્પનાયાં પ્રમાણાભાવઃ.''

સાર : આત્યન્તિકપ્રલયનો અન્તર્ભાવ અન્ય ત્રણ પ્રલયમાં જ થઈ જાય છે. તેથી પ્રલયના ત્રણ પ્રકાર પર્યાપ્ત છે  કાલકૃત નિત્યપ્રલય, દ્રવ્યલોપહેતુક નૈમિત્તિકપ્રલય અને ગુણલોપહેતુક પ્રાકૃતિકપ્રલય.

(ઉ) સર્વનિર્ણયનિબન્ધમાં કાલનું નિરૂપણ :

૧) ''માયા તુ ગુણરૂપા હિ કાલસ્તુ ભગવાન્ પરઃ ( ૯૬ ૧/૨ ).

પ્રકાશ  કાલસ્તુ ભગવતિ અન્તર્ભૂતઃ.

૨) રૂપાન્તરં તુ તસ્યૈવ સર્વસામર્થ્યસંયુતમ્, ચિદાનન્દતિરોભાવસ્તદનુદ્‌ગમ એવ ચ, ઈષત્સત્ત્વાંશપ્રાકટ્યં બહિરન્તસ્તુ સર્વતઃ, ચિદાનન્દાવપિ તથા સ કાલઃ સકલોદ્‌ભવઃ, ક્રિયાશક્તિપ્રધાનત્વાત્ નિત્યગઃ સકલાશ્રયઃ, વિકૃતાવેવ તચ્છક્તિઃ સર્વોત્ત્પત્યન્તભાવનઃ, ઐશ્વર્યં ભગવદ્દત્તં તત્રૈવ પ્રતિતિષ્ઠતિ, અત એવેશ્વરઃ પ્રોક્તઃ સર્વાન્તર ઉદીરિતઃ, આસુરાદિમતે તસ્માત્ નાન્યઃ સેવ્યઃ કથંચન, મુખ્યાધિકારી કૃષ્ણસ્ય પ્રભુવત્ ફલસાધકઃ, સૂર્યગત્યા તુ તદ્‌ભેદાઃ સૂર્યસ્તસ્યાધિભૌતિકમ્, આધ્યાત્મિકં તુ તદ્‌ભેદાઃ ક્વચિદ્ ઇચ્છાપિ ભેદિકા ( ૧૦૪-૧૦૯ ).

પ્રકાશ  સર્વાકારેણ ભવનાતિરિક્તં યાવત્ કિંચિત્ સામર્થ્યં માયાયા વિશેષઃ તત્સંયુતમ્. તેનાસ્ય સર્વાધિકારિત્વં નિરૂપિતમ્. તસ્ય પ્રયોજનમાહ સકલસ્યોદ્‌ભવો યસ્માત્. તસ્ય પરમાર્થદર્શને કાર્યસિધ્ધિઃ ન ભવિષ્યતીતિ ભગવાંસ્તં ક્રિયાશક્તિપ્રધાનમેવ કૃતવાન્ અતઃ સકલોદ્‌ભવહેતુઃ... સર્વં જગત્ સ્વસ્મિન્ સ્થાપયિત્વા નિરન્તરં ગચ્છતિ. અત એવ નિત્યપ્રલયસિધ્ધિઃ... આધિભૌતિકં રૂપં તસ્ય સૂર્યઃ, આધ્યાત્મિકં યુગાદિઃ.

આવરણભંગ  પ્રકૃતેઃ ઉપાદાનત્વમ્ ઉક્ત્વા સદભિવ્યંજકમાત્રત્વમુક્તં, તેન નિમિત્તરૂપતયા કારણત્વમ્... સ્વરૂપલક્ષણં કાલસ્ય ઉક્તં ભવતિ  અન્તઃ પ્રકટસચ્ચિદાનન્દો વ્યવહારે ઈષત્સત્ત્વાંશેન પ્રકટઃ કાલ ઇતિ.

૩) ''કાલવત્ સકલં રૂપમંગં તદ્‌વશગં તથા ... એવં કાલસ્તથા કર્મ સ્વભાવો હરિરેવ સઃ, અતઃ તદુદ્‌ગમઃ શાસ્ત્રે ન કદાચિદુદાહૃતઃ, સર્વસાધારણત્વેન ન તત્ તત્ત્વં તદેવ તત્ ( ૧૧૨-૧૧૬ ).

પ્રકાશ  સ કાલાદિઃ હરિરેવ... યથા ભગવાન્ સર્વસાધારણત્વાત્ ન તત્ત્વકોટૌ પ્રવિશતિ તથા કાલાદિરપિ. ભગવત્ત્વેનૈવોપપત્તૌ ન પૃથક્ત્વમ્.

નિષ્કર્ષ : કાલ, કર્મ અને સ્વભાવ સ્વરૂપકોટિમાં આવે છે ; કારણકોટિ કે કાર્યકોટિમાં નહીં. તેથી ૨૮ તત્ત્વોની ઉત્પત્તિ જ્યાં શાસ્ત્રોમાં બતાવેલ છે ત્યાં કાલ-કર્મ-સ્વભાવનો ઉલ્લેખ નથી. તે પૃથક્ ન હોવાથી તેમને ઉપપત્તિપક્ષથી સમજવા રહ્યા. તે પૈકી કાલ જગતનું નિમિત્તકારણ છે. પ્રકૃતિમાં રહેલ જગતના ઉપાદાનકારણ બનવાના સામર્થ્યને બાદ કરતાં અન્ય સર્વ સામર્થ્યો કાલમાં પણ છે. તે સ્વરૂપતઃ સચ્ચિદાનન્દાત્મક હોવા છતાં તેમાં ચિદાનન્દાંશ અપ્રકટ છે અને સદંશ જ થોડો પ્રકટ છે તેથી પરોક્ષતયા અનુભવાય છે. તે બ્રહ્માથી માંડી સકલ પદાર્થોનો આશ્રય છે. તે સતત ગતિશીલ હોવાથી પોતાની અંદર સમાવેલ જગતની પણ ગતિ સિધ્ધ કરી દે છે ; તેથી નિત્યપ્રલય થતો રહે છે. તે જગતની અંદર અને બહાર વ્યાપી રહેલ છે અને સર્વના ઉત્પત્તિ અને નાશનું નિમિત્ત બનતો રહે છે કેમકે તે ક્રિયાશક્તિપ્રધાન છે. અસુરો તેને જ પૂજે છે. તેનામાં સર્વ પદાર્થોને વિકૃત કરવાની શક્તિ રહેલ છે. પોતાના ઉદય અને અસ્ત વડે કાલની ગતિનું પ્રત્યક્ષ ભાન કરાવતા સૂર્યચન્દ્રાદિ તેના આધિભૌતિક રૂપો છે. તો પરોક્ષતયા અનુભવાતા ચાર યુગો વગેરે પરિમાણો તેના આધ્યાત્મિક રૂપો છે.

(ઊ) પ્રસ્થાનરત્નાકરમાં કાલનું નિરૂપણ :

૧) અન્તઃસચ્ચિદાનન્દો વ્યવહારે ઈષત્સત્ત્વાંશેન પ્રકટઃ કાલઃ ઇતિ કાલસ્ય સ્વરૂપલક્ષણમ્... નિત્યગત્વે સતિ સકલાશ્રયઃ સકલોદ્‌ભવો વા કાલઃ ઇતિ કાર્યાનુસારિલક્ષણમ્... એતસ્ય પ્રથમં કાર્યં ગુણક્ષોભઃ... એતસ્ય ચ સૂર્યાદયઃ આધિભૌતિકં રૂપં, પરમાણ્વાદિ-દ્વિપરાર્ધાન્તમ્ આધ્યાત્મિકમ્, આધિદૈવિકં ''કાલોસ્મિ'' ઇતિવાક્યાદ્ ભગવાનેવ.

સાર સ્પષ્ટ જ છે.

આમ સમગ્રતયા જોતાં
૧) દશ્યસૃષ્ટિ એ બ્રહ્મની સર્વભવનસામર્થ્યરૂપા માયાશક્તિનું પ્રદર્શન છે. પોતાના અવ્યક્ત ત્રિગુણાત્મિકા પ્રકૃતિરૂપમાંથી અનેકવિધ વ્યક્ત રૂપોની ઉત્પત્તિ બ્રહ્મ લીલાતયા કરે છે.
૨) કાલરૂપધારી ભગવાન તેવી ઉત્પત્તિલીલામાં નિમિત્તકારણ બને છે. ત્રિગુણમાં ક્ષોભ ઉત્પન્ન કરી કાલ પ્રકૃતિને વિવિધ રૂપો ધારણ કરાવવામાં નિમિત્ત બને છે.
૩) ઉત્પન્ન થયા બાદ અન્તર્બહિર્વ્યાપ્ત કાલના સામર્થ્યથી તે વ્યક્તરૂપોમાં નિત્ય સતત વિકૃતિ આવતી રહે છે. તેથી જ્યારે સ્થૂલરૂપે તે વ્યક્ત રૂપોની સ્થિતિ દેખાય છે ત્યારે પણ સૂક્ષ્મરૂપે તેમાં ઉત્પત્તિ-સ્થિતિ-લયની ઘટમાળ ચાલુ જ હોય છે. બીજા શબ્દોમાં તેને નિત્યપ્રલય કહેલ છે. ( આને જીવશાસ્ત્રીય બહુકોશીય સજીવની ભીતર ચાલતાં પ્રત્યેક કોશના ઉત્પત્તિ-સ્થિતિ-લયના ચક્રના ઉદાહરણથી સમજી શકાય છે. )
૪) અન્તે આવરદા પૂરી થતાં તે વ્યક્ત રૂપનો કાલ ગ્રાસ કરી તેને અવ્યક્તમાં લીન કરી દે છે. દરેક વ્યક્ત રૂપનું સ્થૂલશરીર પંચમહાભૂતરૂપી સ્થૂલ કારણસામગ્રીમાંથી બનેલ હોવાથી વિઘટિત થઈ પાછું તેમાં જ મળી જાય છે. તો સૂક્ષ્મશરીરથી લિપ્ત જીવાત્મા સ્વયં અવ્યક્ત હોઈ બીજા સ્થૂલશરીરને પ્રારબ્ધવશાત્ નવા વસ્ત્રની માફક ધારણ કરી લે છે.
૫) બ્રહ્માજીના આયુષ્યાન્તે પ્રાકૃતિકપ્રલય થતાં સમગ્ર દ્રશ્યસૃષ્ટિ બ્રહ્મ સાથે એકભાવાપન્ન થઈ જાય છે. બ્રહ્મ ત્યારે અવ્યાકૃતરૂપ ધારણ કરી લે છે અને આત્મરમણ કરે છે.

આવી ઉપસંહારલીલાના કર્તા ઉપસંહારિ બ્રહ્મને જાણીએ તો ગયેલાનો શોક કે આવેલાનો મોહ થતો નથી. પોતાના જવાનો કે અન્યના આવવાનો ભય રહેતો નથી. જોકે તે વિરાટ કાલરૂપનું પ્રત્યક્ષદર્શન ભક્ત માટે અર્જુનવત્ ડરામણું કે યશોદાજીવત્ વિસ્મયકારક હોઈ શકે છે, પરંતુ પરોક્ષજ્ઞાન તો માહાત્મ્યજ્ઞાનમાટે ઉપાદેય જ છે. તેથી જ તો શાસ્ત્રોમાં તેનું વિસ્તૃત વર્ણન છે.
તેથી સામર્થ્યવાન કાલને જાણી અસુરોની માફક ''યુગધર્મના અનુસરણ''ના નામે કાલપ્રવાહસ્થ બહિર્મુખ ન થતાં તે સામર્થ્યને ભગવાનનું જ જાણી કાલપ્રવાહમાં વહી ન જતાં ભગવદાશ્રિત થઈ ક્રમશઃ ભગવદભિમુખ, ભગવત્સેવક, ભગવદીય અને ભગવદ્ભક્ત થવાના પથપર આગળ વધવાનો દઢ શુભસંકલ્પ શિક્ષાશ્લોકીકર્તા શ્રીમદાચાર્યચરણના અનુગામી પુષ્ટિસંપ્રદાયાનુયાયીએ કરવો રહ્યો.
બુધ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ।

★ ★ ★